www.thearyasamaj.org

ओ३म्
।। कृण्वन्तो विश्वमार्यम् ।।

# આર્ય વૈદિક દર્શન
# Arya Vedic Darshan
(Monthly)

RNI Registration No. GujGuj/2015/63289
RNP No. Rajkot / 672 / 2015 - 17

जीवन में सब कुछ पाने का अवसर आपको मिलेगा, परन्तु जो समय आपने खो दिया, उसको पाने का अवसर नहीं मिलेगा। समय खो न दें।

| | |
|---|---|
| सृष्टि संवत् | : १,९६,०८,५३,११७ |
| विक्रम संवत् | : २०७३ |
| दयानन्दाब्द | : १९३ |
| वर्ष | : १ |
| अंक | : फरवरी - २०१७ |
| वार्षिक शुल्क | : १०० रुपये |

पृष्ठ संख्या : ८

Vol.1, Issue 11, 1 FEB. 2017 Ahmedabad, (Gujarat), Page : 8, Rs. 100 Annual.

## રાજ્ય સ્તરીય વકતૃત્વ સ્પર્ધા સંપન્ન
## ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું સ્તુતીય આયોજન.

મહર્ષિ દયાનંદની ગુજરાત યાત્રાની ૧૪૧મી વર્ષગાંઠ નિમિત્તે ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ગુજરાતની માધ્યમિક શાળાના વિદ્યાર્થિઓ માટે લગતાર બીજા વર્ષે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્પર્ધકે પ્રથમ જિલ્લા કક્ષાએ ભાગ લેવાનો હતો. તેમાં પ્રથમ અને દ્વિતીય સ્થાને આવનારને ક્ષેત્ર (ઝોન) કક્ષાએ ભાગ લેવાનો હતો. ગુજરાતનાં તમામ ૩૩ જિલ્લાને ૬ ક્ષેત્ર (ઝોન) માં વહેચવામાં આવેલ હતાં. ક્ષેત્ર કક્ષાએ પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનાર સ્પર્ધકને રાજ્ય કક્ષાએ અંતિમ ચરણમાં ભાગ લેવાનો હતો. જે ગત તા. ૨૧-૧-૨૦૧૭ ના રોજ આર્યસમાજ, કાંકરિયા, અમદાવાદ ખાતે યોજાઇ ગઇ.

ત્રણ તબક્કામાં વિષય અને ગુણાંકન એક સમાન રાખવામાં આવેલ હતા. સ્પર્ધામાં બે વિષયો (૧) મહર્ષિ દયાનંદના જીવન અને કાર્યનો ભારતીય



પ્રથમ વિજેતા કુ. રિયા

સમાજ પર પ્રભાવ (૨) ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં આર્યસમાજનું યોગદાન. રાખવામાં આવેલ હતાં. સ્પર્ધકે કોઇ પણ એક વિષય ઉપર વકતવ્ય આપવાનું હતું.

રાજ્ય કક્ષાની સ્પર્ધા સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા અને ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખશ્રી સુરેશચંદ્ર આર્યની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ હતી.

નીચે મુજબના સ્પર્ધકો પસંદગી પામ્યા હતા.

(૧) સૌરાષ્ટ્ર-કચ્છ (અ) ઝોન

૧. કથીરિયા વૃષ્ટિ આર - કે.બી. ઝાલાવડીયા સ્કૂલ - અમરેલી

૨. કુરેશી મુશ્કાન યુસુફભાઇ - શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય - જામનગર

(૨) સૌરાષ્ટ્ર-કચ્છ (બ) ઝોન

૧. રાણવા મિથુન વી. - લાઇફ લીંકસ વિદ્યાલય - ટંકારા, જિ. મોરબી.

૨. ચોપડા ધ્રુવી સી. - અલ્ટ્રા વિઝન એકેડમી - સુરેન્દ્રનગર

અનુસંધાન પાના નં. ૪ પર...

## આર્યવીર દળ - ટંકારા દ્વારા યોજાઇ
## ૩૩ મી દેશભક્તિ ગીત સ્પર્ધા

આર્યસમાજ ટંકારા સંચાલિત આર્યવીર દળ દ્વારા ૬૮ પ્રજાસત્તાક પર્વની પૂર્વ સધ્યાએ દર વર્ષે દેશભક્તિ ગીત સ્પર્ધા યોજવામા આવે છે. જેમાં ટંકારા નગર અને આસપાસના રાષ્ટ્રપ્રેમી નાગરિકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૩૩ વર્ષથી આ સ્પર્ધા યોજવામાં આવે છે. આ કાર્યક્રમ દર વર્ષે ૨૫મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ યોજાય છે. જેમાં ૮વર્ષની વયનાં બાળકોથી માંડીને ૪૦ વર્ષની વયનાં સ્પર્ધક તરીકે જોડાય છે. તેઓ સ્પર્ધાની રાહ જોતા હોય છે. સ્પર્ધામા બહોળી સખ્યામા ભાગ લેવા આવેદનપત્ર ભરાતા હોવાથી પ્રથમ પસંદગી રાઉન્ડ યોજવામાં આવે છે. જેમાં વધુ સારી અભિવ્યક્તિ કરનારને અતિમ રાઉન્ડમાં જાહેર કાર્યક્રમમા પોતાની કલા પ્રસ્તુત કરવાની હોય છે.

ચાલુ વર્ષે અંતિમ રાઉન્ડ માટે ૨૪ સ્પર્ધકો પસંદ કરવામા આવેલ હતા. જમાં (અ) (૧૪ વર્ષની વય સુધીના), (બ) (૧૪ થી ઉપરની વયના) અને (ક) (ઉપદેશક વિદ્યાલયના વિદ્યાર્થીઓ) એમ ત્રણ વિભાગમા વહેંચવામાં આવેલ હતાં.



તા. ૨૫ જાન્યુઆરી ૨૦૧૭ના રત્રિના ૮.૩૦ થી ૧૨.૩૦ સુધી મહર્ષિ દયાનદ ચોકમાં યોજાયેલ કાર્યક્રમમાં ટંકારા નગર અને આસપાસના આશરે ૨૦૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને શિસ્તબદ્ધ રીતે કાર્યક્રમ નિહાળ્યો હતો.

કાર્યક્રમમાં ટંકારા તાલુકા મામલતદારશ્રી બી. એસ. પટેલ, એ. એસ. આઇ. શ્રી જોષી, ભૂ. પૂ. સરપંચશ્રી ધર્મેન્દ્રભાઇ ત્રિવેદી, ઉપદેશક મહાવિદ્યાલયના આચાર્યશ્રી રામદેવ શાસ્ત્રી, જિલ્લા પચયતના સદસ્યશ્રી મહેશભાઇ રાજકોટીયા, તાલુકા પંચાયતના માજી

અનુસંધાન પાના નં. ૬ પર...

आर्यसमाज के सिद्धान्त

# વેદોનો સંક્ષિપ્ત પરિચય

ગતાંકનું ચાલુ...

## વેદ નો પરિચય સંક્ષિપ્તમાં

ગત અંકમાં આપણે ઋગ્વેદ અને યજુર્વેદનો ખુબજ સંક્ષિપ્તમાં પરિચય કર્યો.

### સામવેદ:-

પરમકૃપાળુ પરમેશ્વરે સામવેદનો પ્રકાશ આદિત્ય ઋષિના હદયમાં કર્યો હતો. આકારની દૃષ્ટિએ સામવેદ સહુથી નાનો વેદ છે પરંતુ મહત્વની દૃષ્ટિએ તેનુ ખુબજ મહત્વ છે. યોગેશ્વર શ્રીકૃષ્ણએ સામવેદની મહિમાનું ગાન કરતા કહયુછે કે "વેદાનાં સામવેદોસ્મિ" હું વેદોમાં સામવેદ છું. છાંદોગ્ય ઉપનિષદમાં " સામવેદ એવ પુષ્પમ" એટલેકે સામવેદ પુષ્પ સમાન છે તેમ કહીને તેનું મહત્વ દર્શાવવામાં આવ્યું છે. પુષ્પ નાનું જ હોય છે પરંતુ તેનુ મહત્વ તેના સૌંદર્ય અને ગુણોને કારણે હોય છે.

સામવેદ ઉપાસના પ્રધાન વેદ છે. તેમાં ઉચ્ચકોટીના આધ્યાત્મિક તત્વોનું વિગતવાર વર્ણન છે. તેના અનુસાર આચરણ કરવાથી મનુષ્ય પોતાના જીવનના અંતિમ લક્ષ્ય પ્રભુ દર્શનની પ્રાપ્તિ કરી શકે છે. પ્રાચીનકાળમાં સામવેદનો માનવજીવનથી ગાઢ સંબંધ હતો.યજ્ઞોને વધુ પ્રભાવશાળી અને આકર્ષક બનાવવા માટે સામગાન કરવામાં આવતું હતું. મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ પ્રત્યેક સંસ્કાર બાદ સામગાનનું વિધાન કરેલ છે.

સામવેદના બે મુખ્ય ભાગ છે, પૂર્વાર્ચિક અને ઉતરાર્ચિક. બંનેના મધ્યમાં મહાનામ્ન્યાર્ચિક છે.પૂર્વાર્ચિક માં ચાર પર્વ અર્થાત કાન્ડ છે અને તેની મંત્ર સંખ્યા ૬૪૦ છે. આમાં ૬ પ્રપાઠક છે.એક એક અર્ધપ્રપાઠક માં પાંચ પાંચ દશતિયા છે. દશ ઋચાઓના સમૂહને દશતિ કહેવામાં આવે છે પરંતુ કેટલીક દશતિઓમાં ૭,૯,૧૨ અને ૧૪ એમ દશથી ઓછી અને વધારે પણ ઋચાઓ છે. મહાનામ્ન્યાર્ચિકમાં ૧૦ મંત્ર છે. ઉતરાર્ચિકમાં ૨૧ અધ્યાય અથવા ૫ પાઠક છે. આમાં દશતિયોનો વ્યવહાર નથી. આ આર્ચિકમાં ૪૨૦ સુક્ત અને ૧૨૨૫ મંત્ર છે. આ પ્રકારે સામવેદની પૂર્ણ સંખ્યા ૧૮૭૫ છે.

સામવેદની ૧૦૦ શાખાઓ હતી પરંતુ હાલ તે ઉપલબ્ધ નથી. સામવેદના વ્યાખ્યાયરૂપ આઠ બ્રાહ્મણ છે અને કેન અને છાન્દોગ્ય એમ બે ઉપનિષદ છે.

કેટલાક લોકોનો મત એવો છે કે સામવેદના ૭૫ મંત્રોને છોડીને બાકી બધાજ મંત્રો ઋગ્વેદના છે અને ગાનની દૃષ્ટિએ એના અલગ અલગ સંગ્રહ કરવામાં આવ્યો છે પરંતુ આ વિચાર-મત ભ્રામક છે. સામવેદ અને ઋગ્વેદના પાઠો અલગ છે અને એક અક્ષરભેદથી અર્થમાં ઘણોજ ફરક પડે છે.

### અથર્વવેદ:-

અથર્વવેદનં જ્ઞાન અંગીરા ઋષિના હદયમાં પ્રકટ થયું હતું. અથર્વવેદમાં જ્ઞાન,કર્મ અને ઉપાસના ત્રણેનું સંમિશ્રણ છે. આમાં જયાં પ્રાકૃતિક રહસ્યોને ઉજાગર કરવામાં આવ્યા છે તેની સાથે ગુઢ આધ્યાત્મિક રહસ્યોનું પણ વિવેચન છે. અથર્વવેદ માં ધર્મ,અર્થ, કામ અને મોક્ષના સાધનોની ચાવી છે.જીવન એક સતત સંગ્રામ છે. અથર્વવેદ જીવન સંગ્રામમાં સફળતા મેળવવા માટેના ઉપાય બતાવે છે.

અથર્વવેદ યુધ્ધ અને શાંતિનો વેદ છે. શરીરમાં શાંતિ કઈ રીતે રહે તેના પણ અનેક પ્રકારની ઔષધિઓનું પણ વર્ણન છે. પરિવારમાં પણ શાંતિ કઈ રીતે રહે તેના પણ અનેક ઉપાયો બતાવવામાં આવેલ છે. તદઉપરાંત રાષ્ટ્ર અને વિશ્વમાં પણ શાંતિ કઈ પ્રકારે રહી શકે તેના પણ નાના પ્રકારના ઉપાયો બતાવવામાં આવેલ છે. કોઈ દેશ શાંતિ ભંગ કરવા ઈચ્છે તો શત્રુ ના આક્રમણથી કઈ પ્રકારે બચી શકાય અને શત્રુના મલીન ઈરાદાઓ નો કઈ પ્રકારે સામનો કરી શકાય તેના અનેક ઉપાયોનું વર્ણન અથર્વવેદમાં આપેલ છે.

અથર્વવેદમાં કૃત્યા અને અભિચાર જેવા શબ્દોને જોઈને ઘણા લોકો તેને જાદુ ટોણાનો વેદ માને છે પરંતુ તેવું નથી. કૃત્યા વિગેરે શબ્દો વિશેષ પ્રકારના અસ્ત્ર અને શસ્ત્રોના નામ જ છે. અથર્વવેદને બ્રહ્મવેદ, છન્દવેદ, ચિતવેદ, અમૃતવેદ અને આત્મવેદ પણ કહેવામાં આવે છે.


અથર્વવેદમાં ૨૦ કાંડ, ૧૧૧ અનુવાક, ૭૩૧ સૂકત અને ૫૯૭૭ મન્ત્ર છે. ગણના પ્રકાર અનુસાર મન્ત્ર સંખ્યાના સંબધમાં વિદ્યાનોમાં ઘણાજ મતભેદ છે. અર્થવેદની નવ શાખાઓ માનવામાં આવેલ છે અને તેનો બ્રાહ્મણ ગોપથ છે અને ઉપવેદ અર્થવેદ છે.

**પ્રત્યેક ગૃહસ્થના ઘરમાં વેદનો સાહિત્ય હોય, આપણા ઘરોમાં વૈદિક ધ્વનિ ગુંજે. આપણે વેદનો સ્વાધ્યાય કરીએ. વેદ માનવ જીવનનું અંગ બને.**

વેદના મર્મજ્ઞ અને વેદ રહસ્યને સમજવાવાળા મહર્ષિ મનુએ કહયુંછે કે,

**યોનધીત્ય દ્વિજો વેદમન્યત્ર કુરૂતે શ્રમમ, સ જીવન્નેવ શુદ્રત્વમાશુ ગચ્છતિ સાન્વય:**

જે દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) વેદ ન ભણીને અન્ય કોઈ પણ શાસ્ત્ર કે કાર્યમાં શ્રમ કરે છે તે જીવતા જ તેના કુળ સહિત શુદ્ર થઈ જાય છે.



**વેદો તરફ પાછા વળો.**

**–મહર્ષિ દયાનંદ**

www.thearyasamaj.org



इस मास के विशिष्ट व्यक्ति

દયાનંદ દશમી - મહર્ષિ દયાનંદ જન્મ દિવસ પર વિશેષ...

# મહર્ષિ દયાનંદની વિચારધારા

- ડૉ. ભવાનીલાલ ભારતીય



કોઇ પણ મહાપુરુષના વિચારોનુ અધ્યયન તેણે જે પ્રણાલીમાં પોતાનું જીવન પસાર કર્યુ હોય તે પ્રણાલી, તેનાં સંસ્કારો તથા તેના માનસ પર પડેલા પ્રભાવોની પૃષ્ઠભૂમિમાં કરવામાં આવે તે જ યોગ્ય છે. આ દૃષ્ટિએ દયાનંદ જેવા યુગપુરુષ તથા વિશ્વમાનવની વિચાર સંપત્તિની વિવેચના શરૂ કરતા પહેલાં એ વાત ધ્યાનમા રાખવી જરૂરી છે કે તેમણે પોતાના જીવનનો મોટો ભાગ એક સંન્યાસી રૂપે પસાર કર્યો હતો - એક એવા સંન્યાસી રૂપે કે જે સાંસારિક મોહજાળોથી સર્વ પ્રકારે મુક્ત થઇને નિર્દ્વન્દ્વ ભાવે વિચારવામાં જ પોતાના જીવનની સાર્થકતા સમજી બેઠો નથી, પરંતુ જે સમષ્ટિ-હિત અને સમસ્ત પ્રાણીવર્ગના મંગલવિધાન માટે ડગલેને પગલે ચિંતિત રહે છે, વ્યાકુળતા પ્રગટ કરે છે, અને પૂરા સમાજની પીડા દુઃખ અને કષ્ટોના નિવારણ માટે સતત પ્રયત્નશીલ પણ રહે છે.

દયાનંદ સરસ્વતીનો જન્મ ભારતના એક એવા બ્રાહ્મણ પરિવારમાં થયો હતો કે જે પોતાની ધાર્મિક આસ્થાઓ તથા સામાજિક વિધિ-વિધાનોની પરંપરા દ્વારા અનુમોદિત વ્યવસ્થાઓનુ કઠોરતાપૂર્વક પાલન કરવામાં જ પોતાના કર્તવ્યોની ઇતિશ્રી સમજતો હતો. તેમનુ શૈશવ અવસ્થાનુ પાલનપોષણ તથા પ્રારંભિક શિક્ષણ પણ પરંપરાગત ઢબે જ થયા હતાં, જેમાં સાંપ્રદાયિક માન્યતાઓ અને વિશ્વાસોને યથાવત્ ગ્રહણ કરવા પર તથા પૂજા-પદ્ધતિના રૂઢિબદ્ધ ઇતિકર્તવ્યોના કડક પાલન પર જ હંમેશા ભાર મૂકવામાં આવતો હતો. તેમ છતા એ એક ચમત્કાર જ કહેવાશે કે આવા મધ્યકાલીન ધર્મ અને આસ્થાઓના જટિલ - સંકુલ વાતાવરણમાં જન્મ લઇને અને પાલનપોષણ મેળવીને પણ દયાનંદ આ જ ક્ષેત્રમા સૌથી વધારે ક્રાંતિકારી અને પ્રબુદ્ધ ચિંતન ઉત્પન્ન કરવામાં સફળ થઇ શક્યા.

દયાનંદનો જન્મ એ યુગમા થયો હતો, જ્યારે ભારતનુ જનમાનસ પશ્ચિમના જ્ઞાન- વિજ્ઞાન, બુદ્ધિ તેમજ તર્કયુક્ત ચિંતનના સંપર્કમા આવીને એ સમજી શકવાને અસમર્થ હતુ કે આ નવચેતનાને ક્યા રૂપે અને ક્યા પ્રકારે ગ્રહણ કરે? કઇ પશ્ચિમની જીવનશૈલીનો સમગ્ર રૂપે અંગીકાર તેની નિજી અસ્મિતા અને ઓળખની સમાપ્તિની ઘોષણા તો સિદ્ધ નહિ થાય ને ? ભારતીય માનસને કંઇક આ જ પ્રકારના સંકલ્પ-વિકલ્પ ઝંઝેડી રહ્યાં હતાં, ઉદ્વેલિત કરી રહ્યા હતાં. ભારતીય નવજાગૃતિનો આરંભ તો દયાનંદની જન્મતિથિની આસપાસ જ માની શકાય છે, જયારે આધુનિક ભારતના પિતાતુલ્ય રાજા રામમોહનરાય ધર્મ, સમાજ અને દેશના વ્યાપક સંદર્ભોમાં વિવિધ સુધારાવાદી પ્રયત્નોમાં લાગેલા હતા. ઇતિહાસકારોએ દયાનંદના વિચારો, કાર્યો ઉપલબ્ધિઓને પણ ભારતીય નવજાગૃતિના ઇતિહાસ સાથે જોડ્યા છે. એમ કરવામાં આમ તો એકદમ વાંધાજનક કશુય નથી, પરંતુ એ વાતનુ ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે કે પુનરુત્થાનના અન્ય તમામ જ્યોતિર્ધરો તથા ઉન્નાયકોએ પશ્ચિમના શિક્ષણ તથા યુરોપીય ચિંતન અને વિચારધારાઓમાંથી પ્રેરણા મેળવી હતી, જ્યારે દયાનંદને પશ્ચિમનો કોઇ પણ જાતનો સંસ્પર્શ સુદ્ધા પ્રાપ્ત થયો નહતો. તેઓ જે કૌટુંબિક વાતાવરણમાં પાલનપોષણ પામ્યા હતા, જે સામાજિક વાતાવરણમાં મોટા થયા હતાં, અને પરંપરાગત સંસ્કૃત શાસ્ત્રોનું અધ્યયન કરવાનો તેમને જેવો અવસર મળ્યો હતો, એ બધાની સાથે પશ્ચિમીકરણનો લેશમાત્ર સંપર્ક ન હતો. આથી ભારતની નવજાગૃતિનું એકમાત્ર શ્રેય અંગ્રેજી શિક્ષણ અને પાશ્ચાત્ય વિચારધારાના પ્રચલનને જ જાય છે. - એ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલા લોકો દ્વારા પ્રચારિત ભ્રમણાને આપણે દયાનંદ સિવાયના રામમોહનરાયથી લઇને ગાંધીજી સુધીના નવોત્થાનના તમામ નેતાઓએ અંગ્રેજી શિક્ષણ તથા પાશ્ચાત્ય રીતિ -નીતિથી સુપરિચિત હતાં. માત્ર દયાનંદ જ એક એવા અપવાદ છે, જે તમામ પ્રકારે પુરાતન સંસ્કૃત શાસ્ત્રોમાં નિષ્ણાત હોવા છતાંય બધી રીતે પ્રગતિશીલ, સામયિક તથા સમાજને ઉન્નતિના માર્ગે લઇ જનારા સમર્થ કાર્યક્રમો પ્રસ્તુત કરી શક્યા.

દયાનંદ મુલતઃ ધાર્મિક પુરુષ છે. તેમણે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. તેઓ ધર્મોપદેષ્ટા છે, ધર્મ-પ્રચારક છે અને ધર્માચાર્ય છે. પરંતુ દયાનંદ દ્વારા પ્રતિપાદિત ધર્મ હિન્દુ, મુસલમાન, ઇસાઇ જેવા કોઇ સંકુચિત ઘેરાવામાં વીંટળાઇને આવી જાય એવુ સકીર્ણ તત્ત્વ નથી. તેમણે ધર્મને તેના વ્યુત્પત્તિલભ્ય અર્થોના આધારે અત્યંત વ્યાપક ધરાતલ પ્રદાન કર્યું છે. તેમની દૃષ્ટિએ જે પક્ષપાતરહિત, ન્યાય, આચરણ, સત્યભાષણાદિયુક્ત, ઇશ્વરાજ્ઞા, વેદોથી અવિરુદ્ધ છે. એ જ ધર્મ છે. અહીં એવો પ્રશ્ન થઇ શકે છે કે શા માટે દયાનંદ વેદોથી અવિરુદ્ધ અને વેદ-અનુકૂળ આચરણને જ ધર્મ ઠેરવે છે ? કોઇ ગ્રંથ-વિશેષ દ્વારા ઉપદિષ્ટ કર્તવ્યાચરણ જ વિશ્વમાનવનો સાર્વભૌમ અને સાર્વજનિક ધર્મ શી રીતે હોઇ શકે ? અને શુ વેદ પણ કોઇ કાળ-વિશેષમા રચાયેલ, વ્યક્તિ-વિશેષની કૃતિ નથી?

ક્રમશઃ...


## શિક્ષકો જોઇએ છે. (સ્વનિર્ભર શાળા માટે)

**આગામી જૂન - ૨૦૧૭થી શરૂ થતા આર્ય વિદ્યાલયમ, ટંકારા (જિ. મોરબી) માટે નીચેની લાયકાત ધરાવતા શિક્ષકો જોઇએ છે.**

(૧) બાળ વર્ગ (કે.જી.) તથા ધોરણ ૧ થી ૫ (અંગ્રેજી માધ્યમ) : લાયકાત : સ્નાતક, બી. એડ્.

(૨) બાળ વર્ગ (કે.જી.) તથા ધોરણ ૧ થી ૯ (ગુજરાતી માધ્યમ) : લાયકાત : સ્નાતક, બી. એડ્.

(૩) ધો. ૧૧ (વિજ્ઞાન પ્રવાહ) (ગુજરાતી માધ્યમ) : લાયકાત : અનુસ્નાતક, બી.એડ્.

વૈદિક વિચારધારા ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા અપાશે.

લાયકાત અને પ્રતિષ્ઠિત વ્યક્તિની ઓળખાણ સાથે જરૂરી આધારો સાથે ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં નીચેના ઇ-મેઇલ આઇ.ડી પર અરજી કરવી, તેમજ વધુ માહિતી માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.

Mobile No. : 95862 22900, 99798 42670, 8980 808071

E-Mail Id : aryavidyalayam@gmail.com

www.thearyasamaj.org





# આર્યસમાજ-જૂનાગઢના ટ્રસ્ટી શ્રી દેવાયતભાઇ બારડની અનોખી સિદ્ધિ
# ઓટોમોબાઇલ ક્ષેત્રે નવુ સંશોધન કર્યુ.

આર્યસમાજ જૂનાગઢના ટ્રસ્ટી શ્રી દેવાયતભાઇ બારડે ઓટોમોબાઇલ ક્ષેત્રે આપસુઝથી સંશોધન કરી રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રિય કક્ષાના ત્રણ-ત્રણ સન્માન મેળવ્યા છે. (સંશોધનની વિગત અલગથી આપેલ છે.) અને આર્યસમાજનુ ગૌરવ વધાર્યુ છે. તેઓનાં વિશેષ સન્માનનો કાર્યક્રમ ગત તા. ૮ જાન્યુઆરીના રોજ જૂનાગઢ ખાતે યોજાઇ ગયો. જેના અધ્યક્ષ સ્થાને ગુજરાત પ્રાતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ, સર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા આદરણીય સુરેશચંદ્રજી આર્ય બિરજયા હતાં. કાર્યક્રમને દીપાવવા આચાર્ય વિદ્યાદેવ શાસ્ત્રી (નોએડા), આચાર્ય વૈકુંઠ સત્યાર્થીજી (ગુરુકુલ ભવાનીપુર કચ્છ), શ્રી જવાહરભાઇ ચાવડા (ધારાસભ્ય), શ્રીમતી હેમાબેન આચાર્ય (ભૂ. પૂ. આરોગ્ય મંત્રી, ગુજરાત રાજ્ય), શ્રી જિતુભાઇ હીરાપરા (મેયર-જૂનાગઢ મહાનગરપાલિકા), શ્રી વાચોનિધિ (આચાર્ય-ગાધીધામ), શ્રી રણજીતસિંહ પરમાર (રાજકોટ), શ્રી ધનજીભાઇ આર્ય (પોરબંદર), શ્રી મહેશભાઇ રામાણી (જામનગર) શ્રી હસમુખ પરમાર (ટંકારા), સેંકડો નગરજનો - સ્નેહીજનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં અને શ્રી દેવાયતભાઇને શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે દેવાયતભાઇને સન્માનપત્ર શાલ વગેરે અર્પણ કરવામાં આવેલ હતાં. વિવિધ આર્યસમાજો અને નગરની અને સંસ્થાઓએ પણ સન્માન કરી પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા આર્યસમાજ જૂનાગઢના પ્રમુખશ્રી શામજીભાઇ ઉદસડિયા, મંત્રીશ્રી કાંતિભાઇ કીકાણી, પ્રવિણાબેન વાઘેલા, ડૉ. સદગુણાબેન આર્યાએ જહેમત ઉઠાવી હતી.

**દેવાયતભાઇની સિદ્ધિઓ:**

**રાષ્ટ્રીય સ્તરની પેટર્ન:**

(૧) ફોર વ્હીલ વાહન તેમજ હેવી વાહનોમાં ૧૯૭૨ થી જે પદ્ધતિ ચાલુ હતી તેમાં ઘણાં બધાં ફેરફાર કરી અને નવી પદ્ધતિ બનાવી. સુધારા વધારા સાથે રીપેરીંગ ખર્ચે તેમજ જેનાથી વાહનોનું આયુષ્ય વધી જાય છે. અકસ્માતની સંભાવના ઘટે છે. તેવા ફેરફાર કરેલ ભારત પેટન્ટ વિભાગે તેને માન્યતા આપી છે.

(૨) ડીઝલ પંપ: હાલ વિશ્વ લેવલે બે જ પ્રકારના ડીઝલપંપ વપરાય છે. જેનાથી ડીઝલનો વપરાશ વધુ થાય છે. જેનાથી પર્યાવરણને નુકશાન થાય છે.

આ નવી પદ્ધતિનો ડીઝલ પંપ વિશ્વનું પહેલું સંશોધન છે. જેની ખાસીયત એ છે કે કોઇ પણ વાહનમાં પીસ્ટનની સંખ્યા બેકી (૨ અથવા ૪ અથવા ૮ અથવા ૧૦ પીસ્ટન હોય) તેમાં જ આ પંપ ઉપયોગમાં આવે છે. જેનાથી અંદાજીત ૩૦% ડીઝલની બચત થાય છે.

(૩) પીસ્ટન રીંગ જૂની પદ્ધતિમાં પીસ્ટન રીંગ ઘસવાના કારણે કંપ્રેસર રેસીયો નીચે જવાથી રીંગ બદલાવી પડતી. નવી પદ્ધતિ પ્રમાણે વાહન તૈયાર કરવામાં આવે તો આજીવન પીસ્ટન રીંગ નાખવી જ નથી પડતી.

**આંતરરાષ્ટ્રીય સ્તરની પેટર્ન:**

(૧) હેડ : જૂની પદ્ધતિના હેડમાં એક પીસ્ટને ૨ વાલ્વ અથવા ચાર વાલ્વ આવતા હોય છે. નવી પદ્ધતિના હેડમાં બે જ વાલ્વ હોવા છતાં જૂની પદ્ધતિ કરતા કાર્યક્ષમતા વધુ હોય છે.

(૨) ટાઇમીંગ ચેન : જૂની પદ્ધતિમાં એન્જીનમાં ટાઇમીંગ ચેન હોય છે. નવી પદ્ધતિમાં અલગ પ્રકારની કેન સાફટ બનાવી અતિ આધુનિક કામ લેવામાં આવ્યું. જે પદ્ધતિ વિશ્વમાં કોઇ દેશ પાસે નથી.

(૩) ચેન : જૂની પદ્ધતિમાં બાઇકમાં ચેન હોય છે. પરંતુ નવી પદ્ધતિમાં ચેન હોતી જ નથી જે વિશ્વનું પ્રથમ બાઇક છે જેનું નિર્માણ ભારતમાં જ થાય તેવી દેવાયતભાઇની ઇચ્છા છે.

**અનુસંધાન પાના નં. ૧ પરનું ચાલુ**

**વકતૃત્વ સ્પર્ધાનું આયોજન....**

(૩) ઉત્તર ગુજરાત ઝોન

૧. દરજી પ્રીતેશકુમાર પી. - બી. ડી. હાઇસ્કૂલ - પાટણ

૨. ડોલી પ્રતાપભાઇ - સંત અન્ના વિદ્યાલય - ડીસા, જિ. બનાસકાંઠા

(૪) અમદાવાદ-ગાંધીનગર ઝોન

૧. શુકલ નૈતિક કૃષ્ણકાંત - દીવાન લલ્લુભાઇ સ્કૂલ - અમદાવાદ

૨. પટેલ નિલય મહેશભાઇ - સ્વામિનારાયણ હા. સેક. સ્કૂલ - ગાંધીનગર

(૫) મધ્ય ગુજરાત ઝોન

૧. પંચાલ રિયા મનોજભાઇ - શારદા મંદિર ડે સ્કૂલ - નડિયાદ, જિ. ખેડા

૨. પંડયા ચેતશી કેયૂરભાઇ - પરમગુરુ પાઠશાળા - સારસા, જિ. આણંદ

(૬) દક્ષિણ ગુજરાતઝોન

૧. તન્ના મિત ભાવેશભાઇ - ગુરુકુલ વિદ્યામંદિર- સૂપા, જિ. નવસારી

૨. ચોટલિયા યશ મહેન્દ્રભાઇ - ગુરુકુલ વિદ્યામંદિર - સૂપા, જિ. નવસારી

ઉપરોક્ત સ્પર્ધકો ઉત્સાહથી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પોતાના વાલી અને શાળા પરિવારનાં સભ્યો સાથે ભાગ લેવા સમયસર પહોંચી ગયા હતાં. સ્પર્ધાનો પ્રારંભ પ્રાર્થના મંત્રોથી કરવામાં આવ્યો હતો. સ્વાગત્ અને સ્પર્ધા અંગેની જાણકારી બાદ સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જેમાં સ્પર્ધકોએ પોતાની સુંદર અભિવ્યક્તિથી શ્રોતાઓની પ્રશંસા મેળવી હતી. સ્પર્ધાના અંતે નીચે મુજબ પ્રથમ ત્રણ ક્રમાંકે વિજેતા જાહેર થયા હતાં.

પ્રથમ - પંચાલ રિયા મનોજભાઇ શારદા મંદિર ડે સ્કૂલ - નડિયાદ, જિ. ખેડા

દ્વિતીય - પંડયા ચેતશી કેયૂરભાઇ પરમગુરુ પાઠશાળા - સારસા, જિ. આણંદા

તૃતીય - શુકલ નૈતિક કૃષ્ણકાંત દીવાન લલ્લુભાઇ સ્કૂલ- અમદાવાદ

વિજેતા સ્પર્ધકોને પ્રાંતીય સભા દ્વારા શીલ્ડ, પ્રમાણપત્ર, સાહિત્ય અને રોકડ પુરસ્કાર ક્રમશઃ રૂા. ૨૫૦૦/-, રૂા. ૨૧૦૦ અને રૂા. ૧૫૦૦/- એનાયત કરવામાં કરવામાં આવેલ હતા. તેમજ બાકીના તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન રૂપે રૂા. ૨૫૦/- આપવામાં આવેલ હતાં. આ પ્રસંગે દર્શન યો મહાવિદ્યાલય રોજડ તરફથી પણ તમામ સ્પર્ધકોને સાહિત્ય ભેંટ કરવામાં આવેલ હતું.

નિર્ણયક તરીકે બ્ર. દિનેશકુમાર (દર્શનયોગ મહાવિદ્યાલય-રોજડ) ૨. પ્રો. ડૉ. કમલેશકુમાર શાસ્ત્રી (અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી) અને દુહિતાબેન લખતરિયા (પ્રોફેસર ગર્વમેન્ટ પોલીટેકનિક, અમદાવાદ)ની સેવા મળી હતી.

સ્પર્ધાનું સંચાલન સભામંત્રી હસમુખભાઇ પરમાર અને પં. વેદબંધુ શાસ્ત્રીએ કર્યુ હતું.

આ પ્રસંગે વિવિધ આર્યસમાજનોના પદાધિકારીગણ, સદસ્યો, શાળા સંચાલકો, આચાર્યો અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધકોને વધાવ્યા હતાં અને દર વર્ષે આવી સ્પર્ધાઓ રાખવા સૂચન કર્યુ હતું.

www.thearyasamaj.org



## આર્યસમાજ ગાંધીધામ દ્વારા
# આર્ય સેવા દલની સ્થાપના કરવામાં આવી.

આર્યસમાજ ગાધીધામનુ ૬૩મુ વાર્ષિક અધિવેઈન ૧૬ થી ૧૮ ડિસેમ્બર દરમ્યાન યોજવામા આવેલ. આ ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન રોજ સવારે આચાર્યકુલમ હરીદ્વારથી પધારેલ બહેન જહાનવીજી ભાર્ગવ દ્વારા આત્મ કલ્યાણ સકલ્પ મહાયજ્ઞથી કરવામા આવતી અને ત્યારબાદ આખો દિવસ પધારેલ વિદ્વાનોના પ્રવચનો હતા, જેમા વેદોથી માડીને સરળ જીવન જીવવાના માર્ગો અને અન્ય વિષયો પર વિસ્તૃત જાણકારી અપાઇ હતી.

મહાત્મા શ્રદ્ધાનદએ ગાધીધામને આર્યજગતનુ તીર્થસ્થળ કહ્યુ હતુ તથા તેમણે એ કહ્યુ કે સુખ અને દુઃખ જીવનનો ક્રમ છે અને જો સુખ માનવુ હોય તો દુઃખને અપનાવતા શીખો. તેમણે કહ્યુ કે જીદગીમા મનચાહ્યો રસ્તો મળતો નથી પરતુ તેનુ નિર્માણ આપણે સ્વય કરવુ પડે છે. જેવો માર્ગ બતાવશો તેવી મઝીલ મળશે, નિદા અને પ્રસશાનુ ઝેર સૌથી ખતરનાક હોય છે માટે તેનાથી દુર રહેવુ.

પોતાના વકતવ્યમા સ્વામી શાન્તાનદજી (ગુરૂકુળ ભવાનીપુર) એ કહ્યુ કે ઈશ્વરને પામવા માટે વેદનુ પઠન જરૂરી છે અને વેદને સમજવા માટે મહર્ષિ દયાનદ કૃત સત્યાર્થપ્રકાશ જે ૩૦૦૦ ગ્રથોનો સાર છે તેનુ જ્ઞાન લેવુ આવશ્યક છે, તથા ઈશ્વર ભક્તિ વગર સમસ્ત દુઃખોમાથી મુક્તિ નથી મળતી. તેમણે ઉમેર્યુ કે ઘરમા વેદોનુ જ્ઞાન નથી તે ઘરમા વિવાહ નહિ પણ વિવાદ હોય છે. પરતુ સફળતાના અનેક સબધી હોય છે.

પડિત સત્યાનદ વેદ્વાગીશો વેદોની મહિમાની સમજ આપી હતી તો પડિત કમલેશકુમાર અગ્નિહોત્રીએ સસારમા સસ્કાર અને સરળતા વિશે માર્ગદર્શન આપ્યુ હતુ, તથા તેમણે અધશ્રદ્ધાથી દૂર રહેવાની અપીલ કરી હતી. પ. નરેશદત્ત, નરેન્દ્રદત્ત તથા મુબઇના શ્રી લલિત સહાનીએ તેમના ભજનો દ્વારા શ્રોતાઓને મત્રમુગ્ધ કરી દીધા હતા.

સમગ્ર કાર્યક્રમના મુખ્ય અતિથિ ડોકટર કે. જેસ્વાણી (પૂર્વ સાસદ નડિયાદ) અને મુબઇના ઉદ્યોગપતિ શ્રી




સુનિલ માનકટલાજી રહ્યા હતા.

તેમના પ્રાસગિક ઉદબોધનમા આર્યસમાજ ગાધીધામના પ્રધાન વાચોનિધિ આચાર્યએ આર્યસમાજ ગાધીધામ દ્વારા થઇ રહેલ કાર્યોની માહિતી આપી હતી તથા તેનો યશ સમગ્ર ટીમને આપ્યો હતો. અખિલેશ આચાર્ય, જયતિ કોરીંગા, મોહનભાઇ જાગીડએ આર્યસમાજ ગાધીધામની પ્રગતિનો યશ વાચોનિધિજીના સફળ નેતૃત્વને આપ્યો હતો. વાચોનિધિ આચાર્ય જુન ૨૦૧૬ મા આર્યસમાજ ગાધીધામમા એક કર્તવ્યનિઃ કાર્યકર્તા તરીકે ૩૦ વર્ષ પૂર્ણ કર્યા જે ૩૦ વર્ષના ઈતિહાસનો VDO સાસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન દર્શાવવામા આવ્યો હતો.

મુબઇના ઉદ્યોગપતિ શ્રી સુનીલ માનકટલાના વરદ હસ્તે આર્ય સેવા દલ ગાધીધામની સ્થાપના કરવામા આવી હતી. આર્ય સેવા દલમા ૫૦૦ સદસ્યો હશે જેઓ કચ્છ અને આજુબાજુના પ્રદેશમા કુદરતી આફત સમયે રાહત, બચાવ અને અન્ય સેવા કાર્યો કરશે. સદસ્યતા નિઃશુલ્ક રહેશે. મીશીગન અમેરિકાના ડોકટર ચમનનલાલ ગુપ્તા દ્વારા લિખિત પુસ્તક હિન્દુત્વ ની ભારતીય આવૃત્તિનુ તેમના ચદીગઢથી પધારેલા બહેનના વરદ હસ્તે વિમોચન કરાયુ હતુ. આ પુસ્તક હિન્દુ ધર્મમા ફેલાયેલ વિવિધ ભ્રાતીઓને દુર કરવામા મદદરૂપ થઈ.

કાર્યક્રમ દરમ્યાન પધારેલા વિદ્વાનો તથા ખાસ અતિથિઓનુ સન્માન કરવામા આવ્યુ હતુ. અને જીવન પ્રભાત અને ડીએવી સ્કૂલના બાળકો દ્વારા સાસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામા આવ્યો. ૧૯૮૬થી આાજ સુધીનો એટલે કે પાછલા ૩૦ વર્ષનો આર્યસમાજ ગાધીધામના ઈતિહાસની VDO પ્રસ્તુતિ.

આ કાર્યક્રમને માણવા ભારતભરમાથી ૫૦૦ થી વધુ આર્યજનો પધારેલ.

કાર્યક્રમનુ સચાલન આર્યસમાજ ગાધીધામના ઉપપ્રધાન શ્રી મોહનભાઇ જાગીડએ કર્યુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાધીધામ આર્યસમાજના પ્રધાન શ્રી વાચોનિધિ આચાર્યના માર્ગદર્શન હેઠળ, વિમલાબેન જાગીડ, ભગવતીબેન જાગીડ, મજુબેન જાગીડ, ડીએવી સ્કૂલના આચાર્ય દેશબધુ દધિચ, સીઈઓ હેતલ પરમાર, મહેક ભાટિયા, છાયા ઠક્કર, હરીહરસિહ તથા અન્ય શિક્ષિકાઓ અને ડીએવી સ્ટાફ, ઈશ્વર પોપટ, દિપક ભટ્ટ, જીવનપ્રભાતની પૂરી ટીમ દ્વારા જહેમત ઉઠાવી હતી.

# આવો, પરિચય કરીએ
# મહર્ષિ દયાનંદ રચિત ગ્રન્થોનો...



**પરિચય** : મહર્ષિ દયાનંદે પોતાના જીવનમાં અનેક વખત અનેક સ્થળોએ શાસ્ત્રાર્થ કર્યા હતાં. જે પૈકી કાશી શાસ્ત્રાર્થ અને સત્યધર્મવિચાર (ચાંદાપુરનો મેળો) વધુ પ્રસિદ્ધ અને મહત્ત્વપૂર્ણ છે. આ ઉપરાંત પણ અન્ય શાસ્ત્રાર્થ લેખિતરૂપમાં પ્રકાશિત થયા છે. અહીં ક્રમશઃ ઉલ્લેખ કરવામાં આવશે.



(૧) પ્રશ્નોત્તર હલધર : પ્રતિપક્ષી – પં. હલધર શાસ્ત્રી
**સમય** : (૧) સંવત્ ૧૯૨૬ (૧૯ – ૨૦ જૂન ૧૮૬૯)
(૨) સંવત્ ૧૯૨૬ (૩૧ જુલાઈ ૧૯૬૯)
**ભાષા** : સંસ્કૃત     પ્રકાશન : ફરૂખાબાદ કા ઈતિહાસ (હિન્દીમાં)

www.thearyasamaj.org



# આર્યસમાજ સુરેન્દ્રનગર અને જૂનાગઢ દ્વારા વસ્ત્ર વિતરણ.

**સુરેન્દ્રનગર :** ગત દિવસોમાં આર્યસમાજ સુરેન્દ્રનગર દ્વારા મકરસક્રાંતિ પર્વ નિમિત્તે ગરીબ વસ્તીમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તેઓને પર્યાવરણ શુદ્ધિ, વ્યક્તિગત સ્વચ્છતા, ઘર-આંગણા શેરીમાં સફાઇના લાભ જણાવાયા તેમજ તલ-પાપડી અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ્ ગર્લ્સ ચાઇલ્ડ એસોશિએશન, પતંજલિ યોગ સમિતિ તથા મહેતા માર્કેટિંગના વેપારી મિત્રોનો સહયોગ મળ્યો.

**જૂનાગઢ : (૧)** આર્યસમાજ જૂનાગઢ દ્વારા મકરસંક્રાતિ પર્વ નિમિત્તે મયારામ આશ્રમમાં રહેતા આર્થિક પછાત બાળકોને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં શ્રી દિલીપભાઇ અને સુંદરભાઇનો સહયોગ મળ્યો. કાર્યક્રમ શ્રી હુંદરાજભાઇ અડવાણીના પ્રયત્નથી સફળ રહ્યો.

**(૨)** આર્યસમાજ જૂનાગઢ દ્વારા પ્રજ્ઞા વિદ્યાલય અમરેલીના ધો. ૧૦-૧૨નાં વિદ્યાર્થીઓને વિદાય સમારોહમાં આમંત્રણ મળતાં આચાર્ય વિદ્યાદેવજી સાથે આર્યસમાજના અધિકારીઓએ ભાગ લીધો. શાળાના આચાર્યા બહેન શ્રી રેખાબેનના યજમાન પદે યજ્ઞ રાખવામાં આવ્યો. આચાર્ય વિદ્યાદેવજીએ વિદ્યાર્થીઓને મનની એકાગ્રતા, સ્મૃતિ વિકાસ, ટાઇમ મેનેજમેન્ટ, પરીક્ષાની તૈયારી, આત્મ વિશ્વાસ વગેરે ઉપર ઉત્તમ પ્રેરણા આપી.



અનુસંધાન પાના નં. ૧ પરનું ચાલુ

## દેશભક્તિ ગીત સ્પર્ધા

કારોબારી અધ્યક્ષશ્રી જગદીશભાઇ દુબરિયા વિવિધ શાળાઓના શિક્ષકો, આચાર્યો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સ્પર્ધાના અંતે નીચે મુજબના વિજેતા થયાં હતાં.

અ વિભાગ
પ્રથમ : માડકિયા મિરન રફીકભાઇ
દ્વિતય : વડગામા સાહિલ હારૂનભાઇ
તૃતીય : નિમાવત પ્રિયા

બ વિભાગ
પ્રથમ: દવે ભાર્ગવ જે.
દ્વિતીય: કાસુન્દ્રા ચાર્મિ
તૃતીય : જીવાણી ધારા બી.

ક વિભાગ
પ્રથમ: કપિલદેવ આર્ય
દ્વિતીય: વિવેક આર્ય
તૃતીય: પ્રતિક આર્ય

તમામ વિજેતાઓને આર્યવીર દળ,




ટંકારા તરફથી શીલ્ડ આપવામાં આવેલ હતાં. તેમજ રાષ્ટ્રપ્રેમી વેપારીઓ, પ્રેક્ષકોએ પણ સ્મૃતિ ચિહ્ન અને રોકડ પુરસ્કારથી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

નિર્ણાયક તરીકે અલ્પેશભાઇ ત્રિવેદી (રાજકોટ), રજનીકાંત મોરસાણીયા (ટંકારા) અને શાતિલાલ ધૂળકોટિયા (ટંકારા)એ સેવ આપી હતી.

આ પ્રસગે જ્ઞાનજ્યોત વિદ્યાલય-લજાઇ દ્વારા **આવો પહેલ કરીએ** રજૂ કરવામાં આવેલ હતું. જેના દ્વારા અંધશ્રદ્ધા, નોટબધી અને યુવાનોને સંદેશ અપાયો હતો. આ પ્રસગે ટંકારા તાલુકાના પરિવારોનાં સંતાન ભારતીય સેનામા ફરજ બજાવે છે, તે પરિવારોનું સન્માન કરવામા આવ્યુ હતું.


કાર્યક્રમનુ સચાલન ભરતભાઇ વડધાસિયા અને દેવકુમાર પડસુબિયાએ કર્યુ હતું. આભાર દર્શન આર્યવીર દળ ટંકારાના અધિષ્ઠાતા પરેશકુમાર કોરિંગાએ કર્યુ હતુ.

# આર્યસમાજ આણંદ દ્વારા યોગના કાર્યક્રમો યોજાયાં.

ચરોતર પ્રદેશ આર્યસમાજ દ્વારા હાજી સુલેમાન આદમ ઘાસવાલા હાઇસ્કૂલ, આણંદ, કસ્તુરબા કન્યા વિદ્યાલય તથા વિમેન્સ હોસ્ટેલ વિદ્યાનગરમાં સેંકડો વિદ્યાર્થીઓને યોગાસન, વ્યાયામ, પ્રાણાયામનુ પ્રશિક્ષણ આપવામા આવ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન શ્રી કેતનભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે વહેલાં સુઇ સવારે સૂર્યોદયની પહેલાં (સવારે ૪.૦૦ થી ૫.૦૦) ઉઠવાથી થતા ફાયદા તેમજ અભ્યાસ કેવી રીતે કરવો, મનને કેવી રીતે શુદ્ધ રાખવું, સાત્વિક ખોરાક ખાવો, નિયમિત વ્યાયામ કરવો તથા શાકાહાર કરવો, દુર્વ્યસનોથી બચવું, કુટેવ છોડવી હંમેશા સજનોનો સંગ કરવો, માતા-પિતા-ગુરુજનોનો સદા આદર કરવો જેવી બાબતોની સમજ વિવિધ રમુજ દૃષ્ટાંતો દ્વારા આપી હતી તથા આર્યસમાજમાં દરરોજ સવારે ૬ થી ૭.૩૦ દરમ્યાન ચાલતા નિઃશુલ્ક યોગ કેન્દ્રોમાં સૌ વિદ્યાર્થીઓ તેમના માતા-પિતા તથા શિક્ષકગણ ભાગ લઇ સ્વસ્થ્ય લાભ લેવા સંસ્થાવતી આમંત્રણ પાઠવ્યુ હતું.

તમામ સ્થળોએ શાળા પરિવારના આચાર્ય - શિક્ષકો વગેરેએ આ પ્રસગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા નિત્યાભ્યાસને લગત માર્ગદર્શન પૂરુ પાડ્યુ હતુ તથા શ્રી કેતનભાઇ પટેલનો તથા ચરોતર પ્રદેશ આર્યસમાજ-આણદના વિદ્યાર્થિઓને નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણ આપવા બદલ હાર્દિક આભાર માન્યો હતો.



www.thearyasamaj.org



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | પ | ધ | દ | ક | વ | ઘ | દ | ન | ત |
| બ | વ | વેં | ભ | દ | ય | વે | નુ | ગ | પ |
| ત | યુ | થ | વે | ધ | ર્થ | વ | ડ | વેં | ન |
| આ | ન | ર્વ | બે | અ | રી | દ | ખ | ઘ | દ |
| સ | ન્ધ | મ | ઘ | ૨ | ય | પ | ષૌ | ડ | ઘ |
| ગ | મ | ભ | ય | ગ | રો | મે | ક | ષ્ટિ | ઢ |
| વ | ૨ | ક | લ્પ | ત | ત | ગ | ગ | લ | ક |
| બ | મ | ટ | ઠ | ધિ | ડ | ૨ | ના | ઘ | ચ |
| છ | જ | ટ | ગં | ઠ | છુ | ડ | ણ | શ | ત |
| પ | ફ | સુ | ભ | મ | ૨ | ગ | ણ | લ | ક |

**ડાબી બાજુએ આપેલ કોઠામાંથી નીચે આપેલ પ્રશ્નોના ઉકેલ શોધો.**

- ચાર ઉપવેદ વેદ ૬ વેદાંગોમાં કર્મકાંડ વર્ણન ક્યાં વેદાંગમાં છે.
- હવનમાં ક્યાં ચાર પ્રકારના પદાર્થની આહૂતિ આપવામાં આવે છે.

આ માસના શબ્દકોઠાનો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે, તારીખ ૨૫ સુધીમાં સાચો જવાબ મોકલનારનાં નામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચારો...

વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે યોજાશે,

### ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડ ખાતે વર્ષ દરમ્યાન ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. તદનુસાર આગામી શિબિર તા. ૨ એપ્રિલ થી ૯ એપ્રિલ ૨૦૧૭ સુધી યોજાશે. ભાગ લેવા માટે પોતાના નામ - સરનામું નીચે જણાવેલ આઇ.ડી. અથવા મોબાઇલ નંબર પર મોકલાવશો. vaanprastharojad@gmail.com, Mo. 94270 59550

ટંકારા ખાતે યોજાશે

### ઋષિ બોધોત્સવ ૨૩–૨૪–૨૫ ફેબ્રુ.

ટંકારા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાશિવરાત્રિ ઋષિ બોધોત્સવ આગામી તા. ૨૩-૨૪-૨૫ ફેબ્રુઆરી - ૨૦૧૭ના રોજ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવશે. તમામ ઋષિભક્તોને બહોળી સંખ્યામાં પધારવા હાર્દિક આમંત્રણ છે. યજુર્વેદ પારાયણ, વિદ્વાનોના પ્રવચનો, શોભાયાત્રા તથા વિશેષ વિશેષ શ્રદ્ધાંજલિ સભા પ્રા. સભાના પ્રધાન સુરેશચંદ્ર આર્યની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં મુખ્યમંત્રી મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના માનનીયશ્રી વિજયભાઇ રૂપાણી પધારશે. વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓ તેમજ વોલીબોલ ટૂર્નામેન્ટ, કન્યા વિદ્યાલય જામનગરનછ બાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ, ઉપદેશક વિદ્યાલયના વિદ્યાર્થીઓનું વ્યાયામ પ્રદર્શન વગેરે યોજાશે.

આર્યસમાજ નડીઆદ દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે

### યજ્ઞ તેમજ ગરમ ધાબળા વિતરણ કરાયું.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે સવારે ૮.૩૦ થી ૯.૩૦ કલાકે યજ્ઞ તથા ગરીબ જરૂરીયાતમંદોને ગરમ ધાબળા તથા ફ્રુટ, બીસ્કીટ વગેરે વિતરણ કરવામાં આવ્યું. યજ્ઞના બ્રહ્મા પં. દિનેશચંદ્ર આચાર્ય બૃહદ્‌યજ્ઞ (પર્વ) સંપન્ન કરાવ્યો હતો.

### આર્યસમાજ નડિયાદનું ગૌરવ

ગુજરાતના પનોતા પુત્ર મહાન સમાજ સુધારક, સ્વાતંત્ર્યના પ્રથમ ઉદ્‌ઘોષક મહર્ષિ દયાનંદ સરસ્વતીએ પ્રચારયાત્રા દરમ્યાન પોતાની જન્મભૂમિ ગુજરાતમાં પર્દાપણ કરેલ.

આર્યસમાજના સંસ્થાપક રાષ્ટ્રપિતામહ દયાનંદ સરસ્વતીની ગુજરાત યાત્રાની ૧૪૧ મી વર્ષગાંઠ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાયેલ.

તે અંતર્ગત શારદા મંદિર ડે-સ્કૂલ, ડાકોર રોડ, નડિઆદની ધો. ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. પંચાલ રિયા મનોજભાઇએ રાજ્ય કક્ષા સ્તરે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ જેની સ્પર્ધા આર્યસમાજ- કાંકરિયા રોડ, અમદાવાદ ખાતે યોજાયેલ. જેમાં કુ. રિયા પ્રથમ નંબરે ઉતિર્ણ થયેલ. મધ્ય ગુજરાત ખેડા જિલ્લા, નડીઆદની શારદા મંદિર ડે-સ્કૂલનું તેમજ આર્યસમાજ-નડિઆદને ગૌરવ અપાવેલ છે. જેઓને ટ્રોફી, પ્રમાણપત્ર, રોકડ પુરસ્કાર તેમજ વૈદિક પુસ્તકોથી સન્માનિત કરેલ.

આર્ય વૈદિક દર્શનનું વર્ષ - ૨૦૧૭ - ૧૮ નું વાર્ષિક લવાજમ દરેક ગ્રાહકોએ મોકલી આપવા વિનંતી.

પ્રાંતીય સભા દ્વારા

### મહર્ષિ દયાનંદના જન્મ દિવસની ઉજવણી માંડવી ખાતે કરવામાં આવશે.

મહર્ષિ દયાનંદનો જન્મ દિવસ (તા. ૧૨-૦૨-૨૦૧૭) નિમિત્તે ક્રાંતિતીર્થ માંડવી કચ્છ ખાતે યજ્ઞ અને યુવા સંમેલન યોજાશે. જેમાં મુખ્ય વક્તા ડૉ. પ્રા. કમલેશકુમાર શાસ્ત્રી (અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી- અમદાવાદ) રહેશે. આ કાર્યક્રમમાં ૧૬ થી ૪૦ વર્ષના યુવક-યુવતીઓને ભાગ લેવા આમંત્રણ છે.

### શબ્દકોઠાનો જાન્યુઆરી – ૧૭ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| આ | અ | ત | પ | ફ | બ | પ | ૨ | ત |
| ડ | હ | ગુ | મ | પ | ય | ન | ગ્ન | ન |
| લ | ખ | વા | રુ | વા | ન | ઠ | પ | હ |
| ગ | ત | મ | ન | કુ | ગ | ય | સિ | ગ |
| ડ | આ | ઢ | વ | સં | ભૂ | દ | ક | ૨ |
| ત | થ | ર્ય | ન્દુ | ન | વિં | કાં | ઘ્રા | ય |
| ગ | મ | હિં | સ | ગો | પ | તો | ગ | ડ |
| ણ | મ | ય | રુ | મા | લિ | મ | મ | ડી |
| વ | ૨ | ગુ | લ | દ | જ | ત | થ | દ |

www.thearyasamaj.org



# આર્યાભિવિનય


મહર્ષિ દયાનંદ સરસ્વતી

हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक ऽ आसित् ।

स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥

यजुर्वेद० १३.४ ॥ २० ॥

**વ્યાખ્યા :** જ્યારે (કાર્યરૂપ) સૃષ્ટિ બની ન હતી તે સમયે એક અદ્વિતીય हिरण्यगर्भः (જે સૂર્યાદિ તેજસ્વી પદાર્થોનો ગર્ભ એટલે ઉત્પત્તિ સ્થાન તેમ જ ઉત્પાદક) છે, તે જ પ્રથમ હતો. તે સર્વ જગતના સનાતન પ્રાદુર્ભત-સર્વ પ્રથમ રહેનાર પ્રસિદ્ધ પતિ છે. તે જ પરમાત્મા પૃથ્વીથી લઇને પ્રકૃતિ પર્યત જગતને રચીને ધારણ કરનાર છે. कस्मै (प्रजापतये, कः प्रजापतिः, प्रजापतिर्वैकस्तमै देवाय - शतपथे) જે પ્રજાપતિ પરમાત્મા છે, તેની પૂજા આ આત્માદિ પદાર્થોના સમર્પણથી યથાયોગ્ય કરીએ. તેને છોડીને અમે બીજા કોઇની ઉપાસના લેશમાત્ર પણ ન કરીએ. જે પરમાત્માને છોડીને અથવા તેના સ્થાને તેના બદલે બીજા કોઇની પૂજા કરે છે, તેની અને તેમના સંપૂર્ણ દેશની અત્યંત દુર્દશા થાય છે, એ પ્રસિદ્ધ છે. માટે હે મનુષ્ય! જો તમને સુખની ઇચ્છા હોય તો એક નિરાકાર પરમાત્માની યથાવત્ ભક્તિ કરો, નહિતર તમને કદી પણ સુખ પ્રાપ્ત થશે નહિ.



## અંધવિશ્વાસ અને તેનું નિવારણ



- મદન રહેજા

અંધ વિશ્વાસ - **શ્રી રામચંદ્ર બારકળા અને શ્રીકૃષ્ણ સોળ કળાવાળા હતા. આથી રામ કરતા કૃષ્ણ વધુ પ્રસિદ્ધ છે.**

નિવારણ - ભારતીય સંસ્કૃતિમા મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચદ્રજી અને યોગેશ્વર શ્રી કૃષ્ણચદ્ર બંને યુગ-પુરુષ અને આદર્શ પુરુષ હતાં. એમાં કોઇ નાનુ કે કોઇ મોટુ નથી. વિચારકો એ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામને દ્વાદશકલાવતાર અને શ્રીકૃષ્ણને જે સોળકળાવતાર કહેલ છે. એનો હેતુ એકનો બીજા કરતા નાના કે મોટો બતાવવાનો નથી, પરતું રામ સૂર્યવંશી હતા અને જ્યોતિષશાસ્ત્ર મુજબ સૂર્યનુ ભ્રમણ ૧૨ રાશિઓમાં હોય છે. આથી રામચંદ્રને તેઓએ દ્વદશ કળાઓના અવતાર તરીકે ઓળખાવ્યા અને શ્રીકૃષ્ણ ચંદ્રવશી તરીકે કારણ કે ચંદ્રની કળા શુકલ પક્ષથી કૃષ્ણ પક્ષ સુધી ૧૬ માનવામાં આવે છે. આથી શ્રીકૃષ્ણને ષોડ્ષ કલાવતાર કહ્યાં.

શ્રીરામચંદ્રજી આજથી લગભગ નવ લાખ વર્ષ પહેલાં થયા છે. અને શ્રીકૃષ્ણ આજથી પાંચ હજાર વર્ષ પહેલાં થયા છે. બંનેના યુગોની પરિસ્થિતિ અલગ-અલગ હતી. પરતું એટલુ જરૂર કહી શકીએ કે શ્રીરામચંદ્રજીને જે યુગમાં અને જે પરિસ્થિતિમા પોતાના વિરાટ સ્વપ્નને પૂરૂ કરવાનુ સદ્ભાગ્ય મળ્યું, કદાચ ત્યારે તે પરિસ્થિતિઓ એટલી જટિલ ન હતી, જેટલી શ્રીકૃષ્ણના વખતમાં હતી.

શ્રીરામચંદ્રજીનો યુગ મર્યાદાઓથી બંધાયેલો હતો અને શ્રીકૃષ્ણના સમયનો સમાજ મર્યાદાઓ હોવા છતા તેને તોડવામાં પોતાની શાન સમજતો હતો. જે યુગમાં અને જે પરિસ્થિતિઓમાં શ્રીકૃષ્ણએ સફળતા મેળવી તે યુગમાં અને તે પરિસ્થિતિઓમાં મર્યાદા પુરુષોત્તમ રામ હોત તો શુ કરત ! અથવા રામાયણ કાલીન પરિસ્થિતિઓમાં યોગેશ્વર કૃષ્ણ હોત તો શું કરત! એ માત્ર કલ્પાનાનો જ વિષય બની શકે.

શ્રીરામ કે શ્રીકૃષ્ણ નાના કે મોટા સમજવા એ ભ્રાન્તિ છે. બને જ મહાન આત્માઓ હતાં, બને જ પૂજનીય હતાં. તેમના ચિત્રો ભલે કાલ્પનિક હોય પરન્તુ તેને જોઇને તેમના ચરિત્રને આપણા જીવનમા ધારણ કરવું જોઇએ.

RNI Registration No. GujGuj/2015/63289 RNP No. Rajkot / 672 / 2015 - 17 BOOK-POST

**પ્રેષક :-**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ,**
**ટંકારા - ૩૬૩૬૫૦.**
**જિ. મોરબી**

**પ્રતિ,**

Publisher & Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha Aryasamaj, Nr. Raipur Darvaja Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11, Galaxy Commercial Center, Jawahar Road, Rajkot.